## નિયામકશ્રી, 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગરની કચેરી

## માહિતી અધિકારી અધિનિયમ, 2005 (પ્રકરણ-2)

### 8. તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

"ગીર" ફાઉન્ડેશન નિયામક મંડળની રચના સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા "ગીર" ફાઉન્ડેશનના મેમોરન્ડમ ઓફ એસોસિયેશન એન્ડ રૂલ્સ એન્ડ રેગ્યુલેશન્સ (બંધારણ) માં જણાવેલ જોગવાઈ અનુસાર કરવામાં આવે છે. "ગીર" ફાઉન્ડેશનના નિયામક મંડળની બેઠક મળેલ ન હોય તો ગુજરાત સરકારશ્રીના ધારા-ધોરણો, નિયમો મુજબ નિયામકશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવે છે. નિયામક મંડળના સભ્યોની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| 1 | રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| 2 | રાજ્યના માનનીય વનમંત્રીશ્રી | ઉપાધ્યક્ષશ્રી |
| 3 | રાજ્યના માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) | સભ્યશ્રી |
| 4 | અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |
| 5 | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |
| 6 | વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ ફોર નેચર ઈન્ડીયાના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| 7 | બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| 8/9 | "ગીર" ફાઉન્ડેશનના નિયામક મંડળ દ્વારા કો-ઓપ્ટ કરવામાં આવે તેવા બે સભ્યો | સભ્યશ્રી |
| 10/11 | "ગીર" ફાઉન્ડેશનના સભ્યોની સામાન્ય સભા દ્વારા ચૂંટવામાં આવે તેવા બે સભ્યો | સભ્યશ્રી |
| 12 | ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવે તે એક સભ્ય | સભ્યશ્રી |
| 13 | નિયામકશ્રી, "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |

બંધારણની જોગવાઈ અનુસાર ત્રણ માસમાં એકવાર નિયામક મંડળની બેઠક બોલાવવાની જોગવાઈ છે. આ અગાઉ તા.20-01-2005 ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં "ગીર" ફાઉન્ડેશનના નિયામક મંડળની બેઠક મળી હતી. જેની કાર્યવાહીની નોંધ તૈયાર કરવામાં આવેલ છે અને માનનીય અધ્યક્ષશ્રીની અનુમતિ મેળવી આ નોંધ નિયામક મંડળના સભ્યશ્રીઓને મોકલવામાં આવેલ છે.